જનપથ

# સમાચાર સંકલન

પરીવર્તનનો પંથ કંડારવા મથતી સંસ્થાઓ અને કર્મશીલોનું સ્વૈચ્છીક સંગઠન

જુલાઈ ૨૦૦૭

## અંદરના પાને...


- કલા-કસબમાંથી આજીવીકા મેળવતી બહેનોના 'ઓખામંડળ શક્તી સંગઠન' દ્વારા હસ્તકલા સંગઠન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.
- પીવાના પાણી માટે "આર. ઓ. પ્લાન્ટ" એક જ વીકલ્પ છે?
- નહેર સીંચાઈમાં નવી રાહ - સહભાગી સીંચાઈ વ્યવસ્થા હેઠળ જથ્થા આધારીત પાણી વીતરણથી બચત
- આદીવાસી સ્ત્રીઓ પર અત્યાચાર : તંત્ર, મંત્ર, બલી અને બડવાની બડાઈ
- જનપથ વાર્ષીક સાધારણ સભા ૨૦૦૭
- 'પી.ટી.આર.સી.' વડોદરા તથા 'દાહોદ જીલ્લા ટીબી સોસાયટી'ના સંયુક્ત ઉપક્રમે સીલીકોસીસના નીદાન અંગેનો સરકારી તબીબોનો તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.
- ગત અંક અંગે મળેલો પ્રતીભાવ
- સમાચાર સંકલનના વાચક મીત્રો જોગ...
- અસંગઠીત ક્ષેત્રના બાંધકામ કામદારોની બે દીવસીય કાનુની જાગૃતી તાલીમ શીબીર યોજાઈ : "મહેલાતો બાંધનારાઓને રોટલો તો મળે છે પણ ઓટલો મળતો નથી."


### માછીમારી તથા દરીયાઈ સંસાધનોના સહ-સંચાલનના મુદ્દે યોજાયેલી

# કાર્યશાળાના સહભાગીઓનું સંયુક્ત નીવેદન

### માછીમારી અને દરીયાઈ વીસ્તારનું સહ-સંચાલન

અમે માંગરોળ-વેરાવળ દરીયાઈ વીસ્તાર સુધીના માછીમારી સમુદાયના પ્રતીનીધીઓ, ગુજરાત સરકારના મત્સ્યોદ્યોગ અને અન્ય વીભાગના પ્રતીનીધીઓ તથા વૈજ્ઞાનીકો અને સેવાકીય સંસ્થાઓના પ્રતીનીધી તા. ૩ અને ૪ ઓગસ્ટ, ૨૦૦૭ના રોજ અમદાવાદ "દરીયાઈ વીસ્તારમાં સહ-સંચાલન"ના મુદ્દે તજજ્ઞ પરામર્શ માટે ભેગા થયા.

આજે અમારી માછીમારી અને દરીયાઈ સંસાધન પર ખતરો છે. આ પરીસ્થીતીમાં રસ્તો શોધવા અમે સૌ ભેગા થયા છીએ. દરીયાઈ સંસાધનો અમારી આજીવીકાનો મુખ્ય આધાર છે અને તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તેનું મુખ્ય કારણ માછીમારી પર વધતું ભારણ અમે સૌ આ પરીસ્થીતી માટે જવાબદાર છીએ.

આ પરામર્શ - કાર્યશાળા ફક્ત એક કાર્યક્રમ નથી પણ વર્ષો પહેલા વેરાવળ, ચોરવાડ અને માંગરોળ વીસ્તારમાં માછીમાર સમુદાય સાથે શરુ થયેલી ચર્ચાઓનું પરીણામ છે. આજે અમારી સૌ વચ્ચે વીશ્વાસ કેળવાયો છે અને અમે સંસાધનોના સહ-સંચાલન માટે કટીબદ્ધ છીએ. અમે જાણીએ છીએ કે અમે જ્યાં સદીઓથી વસીએ છીએ ત્યાં તે કાંઠો (વીસ્તાર) ખુબ જ સંવેદનશીલ છે પણ આજે તેને પ્રદુષીત કરવામાં આવી રહ્યો છે તેમજ તેના પર કબજો મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જે કાંઠા વીસ્તારને નુકસાન પહોંચાડે છે. આવા પ્રયત્નોનું સીધું પરીણામ માછીમારીના સંસાધનો પર થશે અને તેથી અમારી આજીવીકા પણ ખતરામાં મુકાશે.

માછીમાર સમુદાયના પ્રતીનીધીઓ (બહેનો-ભાઈઓ) તેમજ આ મુદ્દાઓ સાથે નીસબત ધરાવતા વ્યક્તીઓ તરીકે અમને દરીયાઈ વીસ્તાર અને માછીમારી સંસાધનોના સહ-સંચાલનને એક જ માળખામાં જોવું, સમજવું અને ચર્ચાઓ કરવી જરુરી લાગે છે. વીકાસની નવી અને સાચી પરીભાષા એજ હોય કે, જેમાં ફક્ત આર્થીક ઉન્નતી નહી પણ જે સમાન અને ટકાઉ હોય.

સહ-સંચાલન અંગે એવી વ્યવસ્થાઓ ઉભી થવી જરુરી છે. જે સરકાર અને સમુદાય વચ્ચેના વીશ્વાસ અને સંબંધ ઉપર આધારીત હોય અને સંસાધનો જાળવણી અને ટકાઉ વીકાસ તેના કેન્દ્રમાં હોય. આજે આપણી પાસે ગુજરાત મરીન ફીશરીઝ એક્ટ, સી.આર.ઝેડ. - નોટીફીકેશન, પંચાયતીરાજ જેવા કાયદાઓ છે કે, જેમાં સમુદાયની આજીવીકા અને પરંપરાગત હક્કોને સ્થાન અને માન્યતા આપી છે. સહ-સંચાલનમાં આ કાયદાઓનો ઉપયોગ કરવો જોઈએ.

સહ-સંચાલન માટે સૌથી અગત્યની બાબત છે, સરકાર અને સમુદાયનો આજના દ્રષ્ટીકોણમાં બદલાવ લાવવો. તેના માટે આપણે સૌએ તૈયારી કરવી પડશે. વૈશ્વીક સ્તરે થતા ફેરફારો, મુદ્દાઓ અંગે જાગૃતતા લાવવી પડશે. સમુદાયની સહભાગીતા અને સક્રીયતા માટે નવા સાધનો ઉભા કરવા પડશે અને સાથે સાથે ક્ષમતાવર્ધનના પ્રયાસો પણ કરવા પડશે.

માછીમાર સમુદાય દરીયાઈ કાંઠા પર વસે છે અને કાંઠાનો ઉપયોગ જાળની મરામત કરવા, બોટ

લાંગરવા કે મુકવા, માછલી સુકવવા વગેરે જેવા કામો માટે કરે છે પણ ઔદ્યોગીક અને માળખાકીય વીકાસને લીધે હવે અમારા માટે ખતરો ઉભો થયો છે. ત્યારે અત્યંત જરુરી છે કે, માછીમાર સમુદાયના પરંપરાગત અધીકારોની નોંધ લઈ તેને માન્ય રાખવા જોઈએ અને તે માટે જરુરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

અમે જ્યારે પરંપરાગત અધીકારો માન્ય રાખવા માંગણી કરીએ છીએ ત્યારે તે બાબતની નોંધ લઈએ છીએ કે અન્ય સમુદાયો પણ આ વ્યવસાયમાં સંકળાયેલ છે. સહસંચાલનની આ પ્રક્રીયામાં અમે સૌ દરેક સ્તરે (આયોજન, વહીવટી, અમલીકરણ અને નીર્ણય) પારદર્શીતા જાળવીશું.

અમે જાણીએ છીએ કે અધીકારો જવાબદારી સાથે જ આવે છે. અમે અમારી જવાબદારી સંપુર્ણપણે નીભાવવા માટે નીચે મુજબના પગલામાં સક્રીય રીતે જોડાવવા કટીબદ્ધ છીએ.

(૧) સહ-સંચાલનના પ્રયોગની શરુઆત કરવા તેમજ તે માટે જરુરી કાયદાકીય માળખાઓ ઘડવા.

(૨) માંગરોળ બંદરના સહ-સંચાલન માટે સહ-સંચાલન કાઉન્સીલ (જુદા-જુદા હીતધારકોના સમાવેશ સાથે) ઘડવા.

(૩) આ પ્રયોગમાંથી આપણે સૌને શીખવાની તક મળશે અને અંતે સહ-સંચાલનના યોગ્ય માળખા સાથે આપણે બહાર આવીશું.

(૪) દરેક સહ-સંચાલનના પ્રયોગમાં સમુદાયોનું ૭૦% પ્રતીનીધીત્વ હોવું જોઈએ.

(૫) સહભાગીદારીતાથી માછીમારી અંગેની માહીતી એકત્રીત કરવી. તેમજ તેના આધારે માછીમારી સ્થીતી અંગે પુરતો ખ્યાલ મેળવવો.

(૬) કાંઠા વીસ્તારની માછીમારી માટે ઉપયોગી પડતર જમીન માછીમાર સમુદાયના વસવાટ માટે તેમજ મત્સ્યઉદ્યોગ માટે અગ્રતાક્રમે પરંપરાગત માછીમારોને આપવી.

(૭) ચોરવાડની મચ્છી માર્કેટમાં માળખાકીય વ્યવસ્થામાં સુધારણા કરવા પહેલ કરવી.

(૮) મત્સ્યઉદ્યોગ વીસ્તારમાં ગુણવત્તાપુર્ણ આરોગ્ય, સુવીધા સ્વચ્છતા ઉપલબ્ધ થાય તે અંગે પ્રયાસ કરવા.

(૯) મત્સ્યઉદ્યોગ વીસ્તારમાં ઉચ્ચ શીક્ષણની સુવીધા ઊભી કરવી.

(૧૦) દરીયાકીનારે થતું પ્રદુષણ અટકાવવું.

(૧૧) જવાબદારી સાથે અને ટકાઉ માછીમારી દરીયાઈ કાંઠાના સમુદાયનું જીવનધોરણ ઉંચું લાવશે. અમે સૌ આ પ્રક્રીયાને આગળ લઈ જવા કટીબદ્ધ છીએ.

(૧૨) મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ કામદારોની સુવીધા આપવી.

**- 'પ્રોત્સાહન' - કેરાલા**

## કલા-કસબમાંથી આજીવીકા મેળવતી બહેનોના 'ઓખામંડળ શક્તી સંગઠન' દ્વારા

# હસ્તકલા સંગઠન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.

'ગ્રામ્ય વીકાસ ટ્રસ્ટ' - દ્વારકા સંચાલીત 'ઓખામંડળ શક્તી સંગઠન' દ્વારા તાજેતરમાં ઓખામંડળ તાલુકાના જુદા જુદા ગામોમાં વસતી બહેનોને રોજગાર મળી રહે તથા રોજગાર કાર્યક્રમ જુદી જુદી સંસ્થાઓ અને સરકાર સાથે સંલગ્ન કરવાના હેતુસર હસ્તકલા સંગઠન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

હસ્તકલા સંગઠનમાં છેલ્લાં સાત વર્ષથી આ વીસ્તારની રબારી સમુદાયની બહેનો પેચવર્ક તથા મીરરવર્ક કરી રહ્યા છે. આ બહેનો આ કલામાં માહીર છે. તેમની આ કસબને બહાર લાવવાના હેતુથી હસ્તકલા સંગઠનની સ્થાપના લીલાબહેન ભુરાભાઈએ ૨૦૦૧માં કરી હતી. હાલમાં કચ્છમાં કાર્યરત સૃજન સંસ્થા તથા ભુજોડી સાથે જોડાઈને આ બહેનો કામ કરી રહ્યા છે. આ બહેનો સ્થાનીક ગ્રામહાટ તથા મેળાવડામાં પોતે બનાવેલી ચીજવસ્તુઓનું વેચાણ કરે છે. હસ્તકલા સંગઠનમાં વરવાળા, આરંભડા, ભીમરાણા, દ્વારકા, મુળવાસર, બરડીયા ગામની કુલ નેવું બહેનો જોડાયેલી છે.

હસ્તકલા સંગઠન દ્વારા આયોજીત કાર્યશાળામાં ઓખામંડળ તાલુકાનાં ૨૨ ગામોના ૪૫ જેટલા આગેવાન બહેનોએ ભાગ લીધો હતો. કાર્યશાળામાં નાબાર્ડ સંસ્થાના જામનગર જીલ્લાના જીલ્લા વીકાસ અધીકારી, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના મેનેજર (દ્વારકા), બેંક ઓફ બરોડાના મેનેજર (દ્વારકા), ગ્રામીણ બેંક - વરવાળા, સુરજકરાડી તથા રાણના મેનેજેર, ગ્રામ્ય વીકાસ ટ્રસ્ટના પ્રો. ડી. એસ. કેર પણ ઉપસ્થીત રહ્યા હતા. ઉપસ્થીત સૌએ પોતાના વક્તવ્યમાં રોજગારીને સમાજના વીકટ પ્રશ્નના રુપમાં દર્શાવી હતી. આ પ્રશ્નને પહોંચી વળવા દરેક પ્રદેશની પોતાની હસ્તકલા કારીગરીને પ્રોત્સાહન આપી તેમાંથી રોજગારી મેળવવા પ્રયત્નો થવા જોઈએ તેવું જણાવ્યું હતું. મહીલાઓ આર્થીક રીતે પગભર થશે તો સમાજમાં કુટુંબમાં તેનો માન-મોભો વધશે અને ખરા અર્થમાં મહીલા સશક્તીકરણનું સ્વરુપ જોઈ શકાશે. તેવું ઉપસ્થીત મહેમાનોએ જણાવ્યું હતું.

'ગ્રામ્ય વીકાસ ટ્રસ્ટ' - દ્વારકા દ્વારા લોવરારી ગામના ૨૫ બહેનો તથા ૧૫ ભાઈઓને માહીતી અધીકાર કાયદો ૨૦૦૫ની સમજ આપવાના હેતુસર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ દરમ્યાન ગામ લોકોના પ્રશ્નો બહાર આવ્યા હતા તથા આ પ્રશ્નોના નીરાકરણમાં માહીતી અધીકાર કાયદો કેવી રીતે ઉપયોગી થઈ શકે તે અંગે વીગતે ચર્ચા હાથ ધરાઈ હતી. તાલીમ લીધા બાદ લોવરારી ગામના પ્રશ્નો સંદર્ભે સ્થાનીક તંત્રમાં માહીતી અધીકાર કાયદા હેઠળ માહીતી માંગતી અરજીઓ કરવામાં આવી છે.

**- હેમાબહેન, ગ્રામ્ય વીકાસ ટ્રસ્ટ - દ્વારકા**

# પીવાના પાણી માટે ''આર. ઓ. પ્લાન્ટ'' એક જ વીકલ્પ છે ?

ગુજરાત રાજયની ભુ-ભૌગોલીક પરીસ્થીતીમાં પુષ્કળ વીવીધતાના કારણે તેના પીવાના પાણીના પ્રશ્નોમાં પણ ઘણી જ વીવીધતા જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણી અને સ્વચ્છતાના પ્રશ્નોના ઉકેલ માટે સરકારે પણ વીકેન્દ્રીત અભીગમ અપનાવ્યો છે. જેના ફળસ્વરુપે ભારતમાં અને ગુજરાતમાં સ્વજલધારા અને સેક્ટર રીફોર્મ કાર્યક્રમ અમલીકરણ થઈ રહ્યા છે. આ વીકેન્દ્રીત અભીગમનો સરકાર બહોળા પ્રમાણમાં પ્રચારપ્રસાર કરી રહી છે. પરંતુ અહી એક બાબત ખાસ ધ્યાન પર લેવા જેવી છે કે સરકારના આ વીકેન્દ્રીત અભીગમમાં લોકોની કોઠાસુઝ અને આવડતને અવકાશ ઓછો છે. ચોક્કસ સરકારનું પીવાના પાણી અને સ્વચ્છતાના લક્ષ્યાંકને પુર્ણ કરવા માટે આ એક બીદરાવવા યોગ્ય પગલું છે. પરંતુ, લોકભાગીદારી ફક્ત ૯૦-૧૦ ટકાની યોજનાઓથી આવશે તે માન્યતા ભ્રામક છે.

આ ભ્રામક માન્યતાઓમાં સરકાર વધારો જ કરી રહી છે. ...આગળ જણાવ્યું તેમ ગુજરાતની ભુ-ભૌગોલીક પરીસ્થીતીમાં પુષ્કળ વીવીધતા છે. હાલમાં પીવાના પાણીનો પ્રશ્ન ગુજરાતમાં અતી પેચીદો થતો જાય છે. ગુજરાતમાં લગભગ સાડા અઢાર હજાર ગામડાઓમાંથી સરકારી અહેવાલ મુજબ આશરે સાડા આઠ હજાર ગામોમાં પાણી સમીતીઓ બની છે. આ પાણી સમીતીઓ બની છે તેનો મતલબ એ નથી જ કે આ ગામો તેમના પીવાના પાણીના પ્રશ્નો બાબતે સ્વાવલંબી થઈ ગયા. પરંતુ જેનો મતલબ એવો તો કાઢી જ શકાય કે લગભગ દસ હજાર ગામોમાં તો હજી પહોંચવાનું પણ બાકી છે.

ખેર, સરકાર આંકડાઓની માયાજાળ રચીને પ્રશ્ન હળવા થઈ ગયા હોય તેવું દેખાડવાની કોશીશ કરતી જ રહી છે અને રહેશે. પરંતુ, પ્રશ્નોની પેચીદગી વધતી જ જાય છે. જેમ કે ગુજરાત ના કોઈ ભાગમાં પાણીના સ્ત્રોતોના પ્રશ્નો છે તો અન્ય જગ્યાએ વ્યવસ્થાપનના પ્રશ્નો છે. પણ ઉડીને આંખે વળગે તેવો પ્રશ્ન હવે સમગ્ર ગુજરાતમાં સર્જાઈ રહ્યો છે તે પાણીની ગુણવત્તાના પ્રશ્નો. ગુજરાતના ઘણા ભાગોમાં ફ્લોરાઈડ અને નાઈટ્રાઈટના પ્રશ્નોની સાથે દરીયા કીનારાના વીસ્તારોમાં હવે ખારાશના પ્રશ્નો એ માથું ઉચક્યું છે. આ સીવાય ઔદ્યોગીક પ્રદુષણના પ્રશ્નો તો વીકરાળ છે. આ બાબત સત્વરે ધ્યાન આપવાની જરુર છે કેમકે પીવાનું પાણી આરોગ્ય સાથે જોડાયેલી બાબત છે. આ ઉપરાંત, ભુગર્ભજળના વપરાશ માટે કોઈ પણ જાતનું નીયમન ન હોવાથી આ પ્રશ્નો દીન-બ-દીન વકરશે જ.

એક તરફ કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૦૭ને ''પાણી વર્ષ'' તરીકે ઉજવીને ભુગર્ભજળને કઈ રીતે સાચવવું તેમજ તેને રીચાર્જ કરવા માટેના વીકેન્દ્રીત પ્રયત્નોનો પ્રચારપ્રસાર કરી રહી છે. ત્યારે બીજી બાજુ રાજ્ય સરકાર તેની વીકેન્દ્રીત નીતીમાં ખાનગી ગૃહો સંચાલીત ''આર.ઓ. પ્લાન્ટ''નો પ્રચાર કરી રહી છે. જેમાં, જે ગામોમાં પીવાના પાણીના સ્ત્રોત હોય પણ પાણી પીવા યોગ્ય ન હોય તેવા ગામોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ થશે તેવું જણાવવામાં આવે છે. પરંતુ, હાલમાં ગુજરાતના દરીયાકાંઠાના વીસ્તારમાં આ ટેકનોલોજીનો જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. કોઈ પણ ટેકનોલોજી ક્યારે પણ ખરાબ ન હોઈ શકે પણ તેનો ઉપયોગ કેટલો ફાયદાકારક કે, નુકસાનકારક છે તે તપાસ્યા પછી જ તેનો પ્રચારપ્રસાર કરવો જોઈએ.

હાલમાં સરકાર દ્વારા ''આર.ઓ. પ્લાન્ટ'' નાંખવા માટે ગામની પાણી સમીતીને યોજનામાં અમલ કરી શકશે તેવું જણાવવામાં આવે છે. અહીં મુખ્ય સવાલ એ ઉભો થાય છે કે, ગામોએ પાણીના સ્ત્રોત ઉભા કરવા માટે પણ લોકભાગીદારીથી નાણાંકીય જોગવાઈ કરવાની તેમજ આ ''પ્લાન્ટ'' માટે પણ તે જ રીતે જોગવાઈ કરવાની રહેશે. વધારામાં ઈલેક્ટ્રીસીટી, તેમજ સંચાલન કરવા માટે વ્યક્તીને વેતન વગેરેના ખર્ચ પણ ગામ લોકોએ જ ઉપાડવાનો રહેશે. નાના ગામો અને તેમાં પણ દરીયાકાંઠાના મોટાભાગે માછીમારોની વસ્તી ધરાવતા ગામો માટે જો આ શક્ય નહોય તો શું તેમને શુદ્ધ પાણી પીવાનો અધીકાર નહીં રહે ? હાલમાં અમુક ગામોએ જ્યાં આ પ્રકારની વ્યવસ્થા કરી છે ત્યાં તો એવા પણ અનુભવ જોવા મળે છે કે ગામના અમુક લોકો જ પાણી ખરીદીને લઈ શકે છે એટલે પાછો આદીવાસી, દલીત કે વંચીત વર્ગ તો પીવાના પાણી માટે ઠેરના ઠેર જ છે.... આ વ્યવસ્થાથી ફરી વખત સમાન અને ન્યાયી વહેંચણીના સવાલો ઉભા થશે જ. સરકારે પણ વીકેન્દ્રીકરણની વ્યવસ્થામાં સ્વીકાર્યું છે કે પીવાનું શુદ્ધ સો ડગલાની અંદર ઉપલબ્ધ થવું જોઈએ. આ વ્યવસ્થાથી તે ઉપલબ્ધ થશે ખરું ? આ વ્યવસ્થામાં મહીલા ભાગીદારી અથવા મહીલાઓનો અવાજ ક્યાં ? આ ઉપરાંત આ વ્યવસ્થામાં પાણીનું ખાનગીકરણ અને પાણી વેંચવાની વા છે જે ક્યાંક પાણીના વ્યાપારીકરણ તરફ અંગુલીનીર્દેશ કરે છે. આ તમામ ભયસ્થાનોનો વીચાર કોણ કરશે?

બીજી ખાસ બાબત એ છે કે, પાણીના સ્ત્રોતમાંથી નીકળેલા પાણીમાંથી અંદાજે ૬૦ ટકા જેટલું શુદ્ધ કરેલું પાણી આ ''પ્લાન્ટ''માંથી મળે છે. જયારે બાકીના ચાલીસ ટકા પાણી અતી સકેન્દ્ર એટલે કે ખુબ ક્ષારયુક્ત પાણી નીકળે છે. આ ક્ષારયુક્ત પાણીના નીકાલ માટે સરકાર-વાસ્મો એવું જણાવે છે કે, ''જો ગામ દરીયાથી નજીક હોય કે રણ કાંઠે હોય અને ગામની નજીક કાડી કે કાંસ હોય તો તેમાં પાઈપથી નીકાલ કરવો અને જે ગામોમાં આજુબાજુ સીધા નીકાલની વ્યવસ્થા ન હોય તો તેવા ગામોમાં બાષ્પીભવનથી ઉડી જાય તેવા ''બેડસ'' બનાવવા.'' આ સાથે જ મોટા પ્રશ્નો અહીં ઉભા થાય છે કે એક બાજુ સરકાર પાણીને બચાવવાની વાત કરી રહી છે તો બીજી બાજુ તે જ પાણીનો બગાડ કરવાનો પ્રશ્ન છે. સાથે જ સરકાર ખાડીમાં કાંસમાં ''વેસ્ટ વોટર'' નાંખવાની વાત કરે છે તો પર્યાવરણની દૃષ્ટીએ ખાડીઓ સૌથી ફળદ્રુપ વીસ્તાર હોય છે. આ વીસ્તારમાં સંકેન્દ્રીત પાણી છોડવાથી ત્યાંની જૈવીક પર્યાવરણના નુકસાનનો વીચાર કરવાનો જ નહીં !!! સરકારશ્રી બીજો ઉપાય બતાવે છે બાષ્પીભવનનો... .... પણ આ બાષ્પીભવનથી ઉડી જાય તેવા ''બેડસ'' બનાવવા પર દેખરેખ કોણ રાખશે? જો આ બાબતે ધ્યાન નહીં રાખવામાં આવે તો

આસપાસની જમીનમાં આ સંકેન્દ્રીત પાણી છોડવાથી કેટલું નુકસાન થશે તેનો અંદાજ લેવો મુશ્કેલ છે. અહીં ગામલોકો અને આ ક્ષેત્રના અનુભવી તજજ્ઞો એવો ભય વ્યક્ત કરે છે કે શુદ્ધ પાણીની “લ્હાય”માં આપણે ક્યાંક જળ, જમીન, જંગલ અને જળ જેવા કુદરતી સંસાધનોને પ્રદુષીત તો નથી કરતા ને...? આપણે મોટા ઔદ્યોગીકગૃહો દ્વારા થતા પાણી પ્રદુષણની દેખરેખ યોગ્યરીતે રાખી શક્તા નથી ત્યારે ગામો ગામ આ દેખરેખ થઈ શકશે કે કેમ તે એક સવાલ છે.

ટુંકમાં પીવાના પાણી અને સ્વચ્છતાના પ્રશ્નના કાયમી અને ટકાઉ ઉકેલ માટે તમામ વીકલ્પોનો વીચાર જરુરી છે. જેમાં સ્થાનીક વીકલ્પ અને લોકોની કોઠાસુઝ એ મહત્ત્વની બાબત છે. ટેકનોલોજી એક વીકલ્પ જરુર છે આ વીકલ્પ પર્યાવરણ સાથે સુસંગત હોવું જોઈએ. સાથો સાથ આપણી સંસ્કૃતી પાણીના પરબની સંસ્કૃતી છે. જેમાં ખાનગીકરણને અવકાશ નથી. પીવાનું પાણી અને સ્વચ્છતા એ ફક્ત ભૌતીક સુવીધા જ નથી પરંતુ, દરેક નાગરીકનો સ્વમાનભેર જીવવાનો મુળભુત અધીકાર છે.

**- અમી માંકડ, પ્રવાહ - અમદાવાદ**

# નહેર સીંચાઈમાં નવી રાહ - સહભાગી સીંચાઈ વ્યવસ્થા હેઠળ જથ્થા આધારીત પાણી વીતરણથી બચત

નહેરના પાણીથી સીંચાઈ કરતા ખેડુતમીત્રો અને પીયત મંડળીઓના વહીવટદારો, સહભાગી સીંચાઈ વ્યવસ્થા હેઠળ હાલમાં સીંચાઈ વીભાગ / પીયત મંડળી આપણને પાક અને તેના વીસ્તાર પ્રમાણે પાણી આપે છે. તે મુજબ આપણે પીયાવો ભરીએ છીએ, પાકનો જેટલો વીસ્તાર તેટલો પીયાવો. હવે બે પાયાના સવાલ ઉદ્ભવે છે.

(૧) આપણે પાણીની બચત કરીએ તો શું તેનો ખરેખર લાભ છે ખરો ?

(૨) આપણે પાણીની બચત કરીને પીયત વીસ્તાર વધારી શકીએ ખરા ?

ઉપરોક્ત બંને પ્રશ્નોના જવા માટે પહેલાં પાણીનો જથ્થો માપવો પડે. કોઈ પણ ખેડુત કે મંડળી પાણીનો વધારે ઉપયોગ કરે છે કે માપસર ઉપયોગ કરે છે તે જાણ્યા પછી જ ઉપરોક્ત પ્રશ્નોનો જવાબ આપી શકાય. હાલમાં આપણી નહેરો પર પાણી માપવાનું સાધન ઉપલબ્ધ નથી તેથી આપણે પાણીનો બગાડ અટકાવી બચત કરી હોય તો બચત કરેલ જથ્થાની માપણી કરી શક્તા નથી. ચાલો આપણે ધરોઈ નહેર સિંચાઈનું પાણી મેળવતાં એવાં ગામ - ખતોડા અને છાબલીયાની વાત કરીએ. આ બે ગામોએ ૨૦૦૬-૦૭માં નહેરનાં પાણીનો જથ્થો માપવા માટે પ્રાયોગીક ધોરણે પ્રયાસ શરુ કર્યા છે.

ખતોડા મંડળીના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ જણાવે છે કે ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ અને ધરોઈ સીંચાઈ વીભાગના માર્ગદર્શન હેઠળ જથ્થા આધારીત પાણી-વીતરણનો મંડળી દ્વારા અખતરો કરવામાં આવ્યો. મંડળીને અપાતા પાણીના જથ્થાને માપવા માટે માઈનોર નહેરના મુખ પર પાણી-માપણીનું સાધન મુકવામાં આવ્યું. દર કલાકે મંડળીના ઓપરેટરે પાણીની માપણી કરી અને નોંધ રાખી. તે મુજબ રવી સીંચાઈના છેલ્લા ૩ પાણીનો કુલ જથ્થો માપવામાં આવ્યો. છેલ્લા ત્રણ પીયતમાં ખતોડા મંડળીએ કુલ ૧૦,૬૭૭ લાખ લીટર પાણી વાપરીને કુલ ૩૪૦ હેક્ટર વીસ્તારમાં પીયત કર્યું. તેવી જ રીતે છાબલીયા મંડળીએ પણ છેલ્લી ત્રણ પીયતમાં કુલ ૭,૨૧૫ લાખ લીટર પાણી વાપરીને કુલ ૩૬૩ હેક્ટર વીસ્તારમાં પીયત કર્યું. જેમાં દરેક પ્રકારના પાકો જેમ કે ઘઉં, રાયડો, એરંડા, વરીયાળી, કપાસ, જીરું, શાકભાજી વગેરે લેવામાં આવ્યા. આ અભ્યાસથી જાણવા મળ્યું કે જથ્થા આધારીત પાણી-વીતરણ વ્યવસ્થામાં પીયાવાના દર પ્રતી ૧૦,૦૦૦ લીટર લગભગ ૭૦ પૈસા જેટલા થાય. આ અખતરાથી જાણવા મળ્યું કે એક ક્યુસેક પાણીના જથ્થાથી ઓછામાં ઓછા બે રેલા થાય, એટલે કે ખતોડાની ૧૦ ક્યુસેકની નહેરમાં ચાલતા પાણીના ૨૦ રેલા કરવા પડે અને એક રેલાથી પાંચ કલાકમાં એક વીઘા પીયત થાય. આ વ્યવસ્થાથી બધા જ ખેડુતોને ન્યાયપુર્વક પાણી આપી શકાય. આ રીતે મંડળીને એક નવો રસ્તો મળ્યો. બીજો લાભ એ છે કે મંડળી દરેક ખેડુતને કલાક આધારીત પાણી આપે તો પાણીની બચત થશે અને બગાડ અટકશે. આ બચેલ પાણીના જથ્થાથી વધારે વીસ્તારમાં સીંચાઈ કરી શકાશે. રાજ્ય સરકારની સહભાગી સીંચાઈ વ્યવસ્થાની નીતી મુજબ પીયત મંડળીને વહીવટ સોંપ્યાનાં ૩ વર્ષ પછી જથ્થા આધારીત પાણી અપાશે અને તેના આધારે પીયાવો ભરવાનો રહેશે. શ્રી ઈશ્વરભાઈ ખુબ જ ઉત્સાહી છે કે સરકાર આ અભીગમને ટેકો આપશે અને મંડળીન પાણીની બચત માટે વળતર પણ આપશે. એટલે કે જેટલું પાણી વાપરો એટલો જ પીયાવો ભરો. પાણીની બચત કરી વળતર મેળવો અને આ બધો લાભ લેવા માટે પાણીનો જથ્થો માપો. તાજેતરમાં સરકારશ્રી મારફત બહાર પાડવામાં આવેલ આદેશ અનુસાર હવેથી બધા જ પાકો પ્રતી પીયાવો સરકારને આપવાનો રહેશે. જેથી પાણીના વપરાશની સામે પીયાવાની રકમ ઘણી વધારે રહેશે, જેની સામે જથ્થા આધારીત પદ્ધતીથી પાણી લેવું વધુ હીતાવહ છે.

કેવો લાગ્યો તમને આ અભીગમ ? ખરેખર અપનાવવા જેવો છે. બધા ખેડુત મીત્રો એ જ ઇચ્છે કે અમુલ્ય પાણીની બચત થાય, પાક-ઉત્પાદનમાં વૃદ્ધી થાય, ખેતી અને સીંચાઈનો ખર્ચ ઘટે અને આપણે સુખી અને સમૃદ્ધ બનીએ. આ વીશે આપને વધુ માહીતી જોઈતી હોય તો ખતોડા અને છાબલીયા ગામની રુબરુ મુલાકાત લો. કાર્યપાલક ઈજનેરશ્રી, ધરોઈ સીંચાઈ વીભાગ પાસેથી જાણકારી મેળવો.

**- ડી.એસ.સી. અમદાવાદ**

# આદીવાસી સ્ત્રીઓ પર અત્યાચાર : તંત્ર, મંત્ર, બલી અને બડવાની બડાઈ

આદીવાસી વીસ્તારમાં સ્ત્રી અત્યાચારનું વરવું સ્વરુપ એટલે ડાકણપ્રથા. આ પ્રથામાં આદીવાસી મહીલાને ડાકણ જાહેર કરી મોતને ઘાટ ઉતારવામાં આવે છે, અથવા સમાજ કે ગામની બહાર ધકેલવામાં આવે છે. આદીવાસી મહીલાને ડાકણ જાહેર કરવાની સત્તા બડવા પાસે હોય છે. ભુવાને આદીવાસીની પ્રાદેશીક ભાષામાં બડવા તરીકે ઓળખવામાં આવે છે. બડવો મંત્ર-તંત્ર સાથે સંકળાયેલાં વીવીધ કામ કરતો હોય છે. વધારે સ્પષ્ટતાથી કહેવું હોય તો બડવાની બડવાઈ તેનો એક પ્રચારનો વ્યવસાય છે, આવકનું સાધન છે. બડવા તેમના કામના આધારે બે પ્રકારે ઓળખાય છે : (૧) મેલો (ડાકણીયો) બડવો (૨) ચોખ્ખો બડવો. ડાકણની વીધી કરનારા બડવાને મેલો બડવો કહેવામાં આવે છે, અને ડાકણની વીધી ના કરનારા બડવાને ચોખ્ખા બડવા તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત, બંનેનું કામ તો સમાજને ઢીલું કરવાનું જ છે. દેવગઢ બારીયાના આદીવાસી વસ્તી ધરાવતાં ગામોમાં આદીવાસી સમાજને જાણવા-સમજવાના હેતુથી સાત દીવસ (૧૨-૬-૨૦૦૭ થી ૧૮-૬-૨૦૦૭) રહેવાનું બન્યું. આ સાત દીવસમાં બે બડવાને મળવાનું થયું. એક મેલા બડવાને અને એક ચોખ્ખા બડવાને. આદીવાસી બડવા આમ તો અજાણી વ્યક્તીને મુલાકાત આપતા નથી, કદાચ મુલાકાત આપે તોય પોતાનાં કામની અર્થાત્ બડવાઈની માહીતી આપતા નથી, એટલે મારા માટે બડવા પાસે માહીતી કાઢવાનું કપરું હતું, પણ કામ હાથમાં લીધા પછી તેને પાર પાડવા સીવાય છુટકો નહોતો. આના ઉપાય તરીકે મે બડવાને રસનો વીષય બનાવ્યો, પછી તો પુછવું જ શું ! કપરાં ચઢાણ હળવાં લાગવા લાગ્યાં. માહીતી મેળવવાના નુસખા અપનાવ્યા. તેના પરીણામ સ્વરુપે મેળવેલી માહીતી સંતોષપુર્ણ તો નથી જ પણ જેટલી માહીતી મેળવી શક્યો તેમાં સંતોષ છે.

સૌપ્રથમ મોટી મંગોઈ ગામના મેલા (ડાકણીયા) બડવાને મળ્યો. બડવાનું નામ દેસંગભાઈ નાયક. ૭૫ વર્ષની ઉંમર, પણ દેસંગભાઈમાં જોમ જુવાનનું, ચાલ ઝડપી એટલે ઘડપણની અસર વરતાય નહીં. ઉજળો વાનને વાળમાં સફેદી, વાણીનો ઓછો ઉપયોગ, હુક્કાનું વારંવાર સેવન, ઘસાઈ ગયેલો લાલ ઝભ્ભો અને સફેદ ધોતીયું દેસંગભાઈની ઓળખ માટે આટલું શબ્દચીત્ર પુરતું છે. ઓછા બોલા દેસંગભાઈ પાસે વાતો કરવી તેમાંય બડવાઈ વીશે વાત કરવી શ્રમ માગી લે તેવું કામ હતું. મોટી મંગોઈમાં ત્રણ દીવસ રહ્યો, તે પણ દેસંગભાઈના ઘરે જ. મારી સાથે વાતો દેસંગભાઈના છોકરા કરે, તેમના છોકરાના છોકરા કરે, તેમનાય છોકરા કરે, પણ દેસંગભાઈએ તો જાણે વાત ના કરવાનું વ્રત જ લીધું હતું. મોટી મંગોઈમાં ત્રણ દીવસ રહ્યો, પ્રથમ બે દીવસના મારા કોઈપણ પ્રશ્નનો જવાબ દેસંગભાઈ માથું હલાવીને અથવા હા કે નામાં જ આપતા. ઘણીવાર તો અકળામણ પણ થતી, છતાં હીંમત હાર્યો નહીં, પ્રયાસો ચાલુ રાખ્યા, છેવટે સફળતા મળી. દેસંગભાઈએ થોડી પણ ઘણી મહત્ત્વની વાતો કરી.

દેસંગભાઈને મારો પહેલો પ્રશ્ન હતો, 'દાદા, બડવો બનવા માટે શું કરવું પડે ?' દેસંગભાઈએ હળવાશથી કહ્યું, 'હડદો જોઈએ, બીજા બડવાની વીધીનો હડદો જોઈએ' બીજા બડવા દ્વારા થતી વીધીને યાદ રાખવી એટલે હડદો. 'પછી ગોયણું ગાવાનું' ગોયણું એટલે ગીત. બડવાઓ વીધી કરતી વખતે 'રાજા ભોજના કુંવર...' એવું ગોયણું ગાય. રાજા ભોજના કુંવર એટલે ભોજ રાજાના પુત્ર રાજા વીક્રમ. રાજા વીક્રમે આગીયા વેતાલની ઉપાસના કરી હતી. આગીયા વેતાલ રાક્ષસ યોનીના, અને બડવાઓ રાજા વીક્રમને યાદ કરે એટલે રાક્ષસયોનીના ઉપાસક ગણાય. રાક્ષસયોનીની ઉપાસનાને કારણે બડવાની બડવાઈમાં મંત્ર-તંત્ર અને બલીનું પ્રમાણ વીશેષ જોવા મળે છે, કહો કે, મંત્ર-તંત્ર અને બદલી એટલે જ બડવાઈ.

દેસંગભાઈએ બડવાઈ વીશે બીજી વાત કરતાં જણાવ્યું કે, 'દરેક ગામમાં પાંચ વરસે દેવ બાવજીના થાનકની કે સેડા માસી(ખેડા માસી)ના થાનકની જાતર કરવી પડે.' આદીવાસીવીસ્તારનાં ગામોમાં દર પાંચ વરસે કરવામાં આવતા એક વીધીને જાતર તરીકે ઓળખવામાં આવે છે. પાંચ વરસે થતી આ વીધીથી ગામમાં સુખશાંતી રહે છે એવી આદીવાસીવીસ્તારની માન્યતા છે. દેસંગભાઈએ જણાવ્યું કે, 'આ જાતર દહેરા નાહી જાય પહી થાય' અર્થાત્ દશેરા પછી થાય. જાતર દસ દીવસ સુધી ચાલતો વીધી છે. દસ દીવસ સુધી ગામના લોકો સીધુ આપે છે. જમવાનું થાનક પર જ બનાવવામાં આવે છે. ૯ દીવસ ગામલોકો દેવ બાવજીની સેવા કરરે છે, દસમા દીવસે 'હાગડાના ખીલ પર' બડવો ધુણે છે અને ગામલોકો પુજા કરે છે. આ દીવસે આખું ગામ જમે છે. આ વીધી દરમ્યાન રોજ એક બકરાનો એટલે કે દસ બકરાનો બલી ચડાવવામાં આવે છે. બડવાને ૨૦૦૦ રુપીયા દાપુ આપવું પડે છે. દસ દીવસ સુધી ચાલતી જાતર દરમીયાન ગામમાં કોઈ મરવું જોઈએ નહીં, જો મરે તો ગામલોકો ટીકા કરે કે, 'બડવાને કૈં જડ્યું નઈ'.

ધીમે ધીમે હું મુળ મુદ્દા પર આવ્યો. મારે જે જાણવું હતું એ વીશે પ્રશ્ન પુછ્યો, જવાબ નહીં મળે તેવી ધારણા સાથે, પણ મારી ધારણા ખોટી પડી. દેસંગભાઈએ ડાકણ વીશે ઘણી ઓછી માહીતી આપી. માહીતી આપવાની તેમની તૈયાર તો નહોતી, પણ તેમની બીનતૈયારીમાંથી પણ માહીતી કઢાવી. મારો પ્રશ્ન હતો, 'દાદા, આ ડાકણનું શું છે?' દેસંગભાઈએ આંખોમાં ભય લાવી, બંને હાથની ત્રણ ત્રણ આંગળીઓ નજીક લાવી કંઈક તોડવાની ઢબ સાથે ગંભીર અવાજે બોલ્યા, 'ડાકણ શરીરમાં ઘુસી, બટ્ટ લઈન કાળજું ખઈ જાય' મારો બીજો પ્રશ્ન હતો, 'દાદા, ડાકણ આદમીનું કાળજું પણ ખઈ જાય?' દેસંગભાઈ થોડા ગૌરવભેર બોલ્યા, 'ના ખાય, ડાકણ કાળજું તો બૈરાનું જ ખાય, આદમીનું ના ખઈ હકે' મેં પુછ્યું, 'એવું કેમ?' દેસંગભાઈએ કોઈ જવાબ આપ્યો નહીં. તરત બીજો પ્રશ્ન પુછ્યો, 'સ્ત્રીને જ કેમ વળગે ?' જવાબ પ્રશ્નને અનુરુપ નહોતો, પણ પીતૃ સંસ્થાની પકડનો પુરાવો હતો, 'ભગવાન ના ગોતે, લખ્ખણો હોય

એને ડાકણ વળગે જ.' મારા બીજા પ્રશ્નોના દેસંગભાઈએ કોઈ જવાબ આપ્યા નહીં. છેવટે મેં પ્રશ્ન પુછ્યો, 'ડાકણ કાઢવાનો કોઈ ઉપાય ખરો ?' દેસંગભાઈએ કહ્યું, 'ડાકણ કાળજું ખઈ જાય પછી કાળજું પાછું ક્યાંથી આવે? એટલે ડાકણને મારે જ છુટકો' મે જરા વધારે ભાર દઈને, પણ થોડી નરમાશથી પુછ્યું, 'દાદા, કોઈ ઉપાય તો હશે ? દરેક વાતનો ઉપાય હોય છે એટલે આનો પણ હોવો જોઈએ.' દેસંગભાઈએ છેવટે ઉકેલ જણાવ્યો, 'હોપાહેંગવા, ગોધરા બાજુનું ગામ, એ જવું પડે, ત્યાં દવા આપે, પણ ડાકણ વળગ્યા પછી બે કે ત્રણ દીવસેમાં કહી દેવું પડે' વધુ માહીતી મેળવવા એને લગતો જ પ્રશ્ન પુછ્યો, 'દાદા, એ કેવી રીતે ?' તેમણે જણાવ્યું, 'જેને ડાકણ વળગી હોય તે ઘરમાં કેય, ઘરવાળા બડવાને કેય અને બડવો હોપાહેંગવા લઈ જાય, હોપાહેંગવાની દવાથી ડાકણ છુટે.' પછી દેસંગભાઈ હસતા હસતાં બોલ્યા, 'બડવાઈ એમને એમ નથી થતી.' ડાકણપ્રથા વીશે દેસંગભાઈએ આનાથી વધારે વાત ના કરી. આટલી વાત પછી તેઓ હુક્કો પીવા લાગ્યા.

કાંસટીયા-બારાના બડવાને પણ મળવાનું થયું. બડવાનું નામ સુરસીંગ છગન રાઠવા. સુરસીંગે પોતાની ઓળખ ચોખ્ખા બડવા તરીકે, દેવના બડવા તરીકે આપી. આ બડવા પણ ઉપાસક તો રાક્ષસયોનીના જ. અગાઉ જણાવ્યું તે પ્રમાણે ચોખ્ખા બડવા ડાકણવીધી કરતા નથી. ડાકણવીધી ના કરતા હોવાથી તેઓ પોતાને ચોખ્ખા બડવા તરીકે ઓળખાવે છે. ચોખ્ખા બડવા ડાકણવીધી સીવાયની બીજી દરેક વીધી કરે છે, જેમાં મંત્ર-તંત્ર અને બલીનો પણ સમાવેશ થાય છે. સુરસીંગ પાસેથી વધારે માહીતી મેળવી શકાઈ નહીં. તેઓ મારી સાથે વાત કરવા પણ તૈયાર નહોતા. થોડી મથામણ પછી તેમણે મેલા બડવા અને ચોખ્ખા બડવાનાં કામ વીશે બહુ ઓછી માહીતી આપી. તેમણે આપેલી માહીતી મુજબ મેલા બડવા ડાકણવીધી કરતા હોવાથી તે ડાકણીયા બડવા છે, અને તેઓ પીઠોરાનું કામ કરતા હોવાથી તે દેવના બડવા તરીકે ઓળખાય છે. પીઠોરો ચોમાસામાં લખાય નહીં. પીઠોરા માટે આકીન લેવી પડે. આકીન એટલે એક પ્રકારની બાધા. આકીન પાંચ વર્ષની પણ હોય, દસ વર્ષની પણ હોય અને દસ વર્ષની પણ હોય. ઘરમાં કોઈ પ્રકારનું નુકસાન થતું હોય તે નુકસાનને દુર કરવા માટે પીઠોરો લખવામાં આવે છે. આકીન લીધા પછી પીઠોરો લખવામાં આવે છે. ગોધરા અને ઉદેપુરમાં જ મળતા પીઠોરાના રંગને બકરી અને ગાયના દુધમાં ઘુંટવામાં આવે છે. ઘુંટેલા રંગથી પછી પીઠોરો લખવામાં આવે છે. પીઠોરો લખવા માટે પીળો, કેસરી, વાદળી, લાલ, લીલો અને ચાંદી (ચળકતો સફેદ) રંગનો ઉપયોગ કરવામાં આવે છે. પીઠોરો લખતાં પહેલાં દીવાલ પર સફેદ રંગ કરવામાં આવે છે. સફેદ રંગ કરતાં પહેલાં દીવાલ પર પાંડુ માટી લગાવવામાં આવે છે. આ પાંડુ માટી કેડા ગામમાં લેવા જવું પડે છે. પૃથ્વી પર અસ્તીત્વ ધરાવતા દરેક સજીવ-નીર્જીવમાં દેવનો વાસ છે એવી આદીવાસીસમાજની માન્યતા હોવાથી પીઠોરોમાં સજીવ-નીર્જીવનાં ચીત્રો દોરવામાં આવે છે. પીઠોરાની વીધીમાં બકરા-મરઘાનો બલી આપવામાં આવે છે. અડદના ઢેબરા, ખીચડી, નારીયેળ, દારુ કે તાડીનો ઉપયોગ કરવામાં આવે છે. પીઠોરોમાં બડવો પોણગુ કરે છે. પોણગુ પીઠોરો દોર્યા પછી દર ત્રણ વર્ષે કરવામાં આવતી પુજાવીધી છે. પોણગુમાં એક બકરો અને ૯ મરઘા કાપવામાં આવે છે. પોણગામાં બકરા અથવા મરઘાના કાળજાનો હોમ પાડવામાં આવે છે. લાકડાના નાળા (દેતવા) પર કાળજાના ટુકડાને મુકવો તેમે હોમ પાડ્યો કહેવાય. પીઠોરો લખાયા પછી મળો પાડવામાં આવે છે. આજે મેળો પાડવા માટે પોલીસ સ્ટેશન જાણ કરવી જરુરી છે. મેળામાં ૧૫-૧૫ ગામના માણસો આવે છે. ૧૫ દીવસ ગાવાનું ગાય છે. ૯ દીવસ સુધી ગામ અને સગાવહાલાંને જમાડવા પડે છે. પીઠોરો પહેલાં રાજદરબારીઓ બનાવતા, પચી તેમણે પીઠોરો લખવાનું કામ આદીવાસીઓને સોંપ્યું. ત્યારથી આદીવાસી સમાજમાં પીઠોરો બનાવવાની પ્રથા છે. વાતો કરતા હતા ત્યાં તો કોઈ રીક્ષામાંથી ઘરમાં આવ્યું. આવનાર ભાઈ ઉંમરલાયક હતા. તેઓ સુરસીંગ પાસે ગયા, સુરસીંગના કાનમાં અડધી મીનીટ કંઈક બોલ્યા. વાત સાંભળી સુરસીંગે કામઠું, ઢાક અને મોરનાં પીંછાં લઈ પેલા ભાઈ સાથે રીક્ષામાં ચાલ્યા ગયા, મને આવજો કહીને.

- ઉમેશ સોલંકી, આનંદી

જનપથ

## જનપથ વાર્ષીક સાધારણ સભા ૨૦૦૭

તા. ૧૦ ઑગષ્ટ ૨૦૦૭

પ્રતી,

સાથી મીત્રો,

**જનપથની વાર્ષીક સાધારણ સભા આગામી સપ્ટેમ્બર માસની ૧૫મી તારીખને શનીવારે રાખવાનું કારોબારી સમીતીએ ઠરાવ્યું છે.**

સામાન્ય સભા એક દીવસ માટે મળશે. આ પત્ર દ્વારા આપને અગાઉથી તારીખની જાણ કરીએ છીએ. જેથી આપ આગોતરું આયોજન કરી સામાન્ય સભામાં જોડાઈ શકો.

સામાન્ય સભામાં આપની ઉપસ્થીતી અતી મહત્ત્વની હોવાથી તે પ્રમાણે અનુકુળતા કરવા વીનંતી. વીગતવાર વ્યક્તીગત આમંત્રણ હવે પછી મોકલીશું.

આભાર સહ,

(હરીણેશ પંડ્યા)
મંત્રી

બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક ચાર રસ્તા, વેજલપુર રોડ, અમદાવાદ- ૩૮૦ ૦૫૧
ફોન : +૯૧ (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : (૦૭૯) ૨૬૮૨ ૦૭૧૯
E-mail : janpath1ad1@icenet.net, Website : www.janpathnetwork.org

## 'પી.ટી.આર.સી.' વડોદરા તથા 'દાહોદ જીલ્લા ટીબી સોસાયટી'ના સંયુક્ત ઉપક્રમે

# સીલીકોસીસના નીદાન અંગેનો સરકારી તબીબોનો તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો

દાહોદ જીલ્લા ટીબી સોસાયટી અને પીપલ્સ ટ્રેનીંગ એન્ડ રીસર્સ સેન્ટર દ્વારા સંયુક્તપણે દાહોદ જીલ્લાના સરકારી તબીબો માટે તા. ૧૦ જુનને રોજ દાહોદ ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જીલ્લામાં સીલીકોસીસના ઊંચા પ્રમાણને ધ્યાનમાં લેતાં જીલ્લાના ક્ષય અધીકારી ડૉ. જૈનને આવા કાર્યક્રમની જરુરીયાત સમજાઈ હતી. જીલ્લાના તમામ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો તેમજ સામુહીક આરોગ્ય કેન્દ્રોના તબીબી અધીકારીઓ ઉપરાંત સીવીલ હોસ્પીટલના તબીબો, રેલ્વે હોસ્પીટલના તબીબો થઈ ૫૦ થી વધુ તબીબોએ તેમજ ૨૦ જેટલા પેરામેડીકલ સ્ટાફે આ તાલીમનો લાભ લીધો હતો. પી.ટી.આર.સી. સંસ્થાના ટ્રસ્ટી ડૉ. જગદીશ પરીખે આ તાલીમ આપી હતી.

જીલ્લા આરોગ્ય અધીકારી શ્રીમતી ડૉ. રાઠોડે સરકારી તબીબો માટે સીલીકોસીસ નીદાન માટે યોજાયેલા તાલીમ કાર્યક્રમમાં બોલતાં જણાવ્યું કે, ''સીલીકોસીસ એ દાહોદ જીલ્લા માટે એક ગંભીર સમસ્યા છે. જીલ્લાના કામદારોને આ જીવલેણ રોગ વીશે ગ્રામમીત્રો દ્વારા માહીતી અપાશે અને આવા કારખાનાઓમાં કામ કરવા જવાના જોખમો સમજાવાશે.''

અમદાવાદથી ખાસ પધારેલા ડૉ. પરીખે જણાવ્યું હતું કે, ''પૃથ્વી ઉપર સીલીકાનું પ્રમાણ ખુબ છે. અનેક વ્યવસાયમાં આ રોગનું જોખમ છે. આ રોગનું નીદાન ઓક્યુપેશનલ હીસ્ટરી અને એક્સ રે જોઈને કરી શકાય છે. આવા દર્દીને ટીબી જોખમ પણ હોય છે. રોગ માટે અત્યંત ઝીણી રજ કારણભુત હોય છે.'' દાહોદમાં મળી આવતા દર્દીઓ એક્યુટ સીલીકોસીસ પ્રકારના હોવાનું તેમણે જણાવ્યું હતું. આઈ.એલ.ઓ. દ્વારા વીકસાવવામાં આવેલા સ્ટાન્ડર્ડ એક્સરે બતાવી તેમણે જુદી જુદી કેટેગરીની વીસ્તૃત સમજ તબીબોને આપી હતી. આ રોગનો કોઈ ઈલાજ ન હોવાથી કારખાનામાં સીલીકાની રજ શ્વાસમાં ન જાય તેવી ટેકનોલોજી જરુરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

પી.ટી.આર.સી. સંસ્થાના નીયામક શ્રી જગદીશ પટેલે ગુજરાતમાં વ્યાવસાયીક આરોગ્ય અને સલામતીની સ્થીતી તથા તબીબોને લાગુ પડતી ફેક્ટરી એક્ટની જોગવાઈઓ તેમજ વળતર દાવા માટેના નીદાનની જરુરીયાતો. તબીબોના કાનુની અધીકારો વગેરે બાબતે સમજ આપી હતી અને તબીબોના સવાલોના જવાબ આપ્યા હતા. દાહોદ જીલ્લાના સીલીકોસીસ પીડીતોને ઈ.એસ.આઈ. કાયદો લાગુ પડતો હોવા છતાં તેમને કોઈ વળતર ચુકવાયું ન હોવાનું તેમણે જણાવ્યું હતું. કરમસદ મેડીકલ કોલેજના સામાજીક આરોગ્ય વીભાગના વડા ડૉ. મુખર્જીએ પ્રાસંગીક ઉદ્બોધનમાં દાહોજ જીલ્લા ક્ષય કેન્દ્રને તેમની સીલીકોસીસ સંદર્ભે કરેલી કામગીરી માટે અભીનંદન પાઠવ્યા હતાં.

જીલ્લા ક્ષય અધીકારી ડૉ. જૈને જીલ્લામાં સીલીકોસીસને કારણે થયેલા મૃત્યુના આંકડા આપ્યા હતા અને તેમના ખાતા દ્વારા થયેલી કામગીરીની માહીતી આપી હતી. હજુ ૨૦૦ જેટલા કામદારોના નીદાનની પ્રક્રીયા બાકી હોવાનું તેમણે જણાવ્યું હતું. તે માટે એન.આઈ.ઓ.એચ. તરફથી તારીખ મળે તેની વાટ જોવાય છે તેવું તેમણે જણાવ્યું હતું.

### શકરપુર ખાતે શરું થયેલું દવાખાનું

પી.ટી.આર.સી. ઘણા લાંબા સમયથી ખંભાત અને શકરપુર વીસ્તારમાં સીલીકોસીસ પીડીતો સાથે કામ કરે છે. જુન મહીનાની ૬ તારીખથી શકરપુર ખાતેના કાર્યાલયમાં કરમસદ મેડીકલ કોલેજના સહકારથી ગ્રામજનો માટે દવાખાનું શરૂ કરાયું છે. દર બુધવારે હોસ્પીટલના નીષ્ણાંત તબીબો પોતાની સેવા વીનામુલ્યે આપે છે. શકરપુરના ગરીબ ગ્રામીણોમાં આ દવાખાનું આશીર્વાદ રુપ થઈ પડ્યું છે. આ દવાખાનામાં અકીક કારીગરોના ફેફસાંની કાર્યશક્તીની તપાસ કરવામાં આવે છે. શરુઆતમાં મળેલી સફળતાથી પ્રેરાઈ કોલેજે હવે પોતાના બે ઈન્ટર્ન તબીબોને અહીં મુક્યા છે તેથી હવે દરરોજ તબીબી સેવાનો લાભ લોકોને મળે છે.

**- પી.ટી.આર.સી.**

## ગત અંક અંગે મળેલો પ્રતીભાવ

વીચરતા સમુદાયના બાળકોને શાળામાં દાખલ કરવા ઝુંબેશ હાથ ધરાઈ તેની વીગતો જાણી. અમો બગસરા વીસ્તારમાં આવા બાળકો માટે છ બાળ સંસ્કાર કેન્દ્રો શરુ કર્યા છે. (૧) ગીજુભાઈ બધેકા બાળ સંસ્કાર કેન્દ્ર (૨) મોન્ટેસરી, (૩) વીવેકાનંદ, (૪) મહાત્મા ગાંધી, (૫) લાલચંદભાઈ વોરા, (૬) નાનાભાઈ ભટ્ટ. આ બાળ સંસ્કાર કેન્દ્રોમાં ૧૮૦ વંચીત અને વીચરતા જ્ઞાતીના બાળકો આવે છે.

જનપથના કામોમાંથી હંમેશા પ્રેરણા લઈ આવા નાના-મોટા કામો કરવાની તક મળી રહી છે.

**- વીશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ - બગસરા**

## 'સમાચાર સંકલન'ના વાચક મીત્રો જોગ...

'સમાચાર સંકલન'નો મુળ હેતુ સ્વૈચ્છીક ક્ષેત્રના સમાચારો અરસપરસ જાણવા તથા સંકલન કરી સૌને પહોંચાડવાનો છે. આવનારા દીવસોમાં ઉપાડવાના પડકારો ઘણા મોટા છે. જેનો સામનો સાથે મળી સમજણથી કરવો પડશે. આ માટે રાજ્યના ખુણે ખુણે આકાર લેતી નાનામાં નાની ઘટના ચળવળ અને પ્રયાસોની વાત બીજાઓ સુધી પહોંચાડવાનું માધ્યમ 'સમાચાર સંકલન' બને છે. આપ આપની પ્રવૃત્તીઓ અને કાર્યક્રમોનો સંક્ષીપ્ત અહેવાલ 'જનપથ' કાર્યાલય પર લખી મોકલશો.

## અસંગઠીત ક્ષેત્રના બાંધકામ કામદારોની બે દીવસીય કાનુની જાગૃતી તાલીમ શીબીર યોજાઈ :

# ‘‘મહેલાતો બાંધનારાઓને રોટલો તો મળે છે પણ ઓટલો મળતો નથી.’’

સુરત મુકામે, તા. ૧૪/૧૫ જુનના રોજ બાંધકામ મજદુર સંગઠન અને સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝના ઉપક્રમે અસંગઠીત ક્ષેત્રના બાંધકામ કામદારોની બે દીવસીય કાનુની જાગૃતી શીબીર યોજવામાં આવી હતી. આ શીબીરમાં પ્રથમ દીવસે ૩૫ કામદારો અને બીજા દીવસે ૭૦ કામદારો ઉપસ્થીત રહ્યા હતા. આ શીબીરમાં યોજવામાં આવેલ જુથ ચર્ચા દરમીયાન બાંધકામ કામદારોએ તેમની વ્યથા રજુ કરતા જણાવ્યું હતું કે, ‘‘અમે રોજેરોજ તનતોડ મજુરી કરી લોકોના ઘરોની છત બાંધવાનું કામ કરીએ છીએ પરંતુ અમારે છતવીહોણી રાત્રી વીતાવવી પડે છે. અમને આ શહેરમાં રોટલો મળે છે પણ ઓટલો મળતો નથી.’’ કામદારોએ તેમને રહેઠાણ, પાણી, શૌચાલય જેવી પ્રાથમીક સુવીધાઓ મળતી નથી. કામનું યોગ્ય આર્થીક વળતર મળતું નથી. અકસ્માતના સમયે સારવાર મળતી નથી અને બાળકો શીક્ષણની તકોથી વંચીત રહી જાય છે. તેવી અનેક સમસ્યાઓ રજુ કરી હતી. આ શીબીરમાં પ્રથમ દીવસે સુમનપાના ડેપ્યુટી પ્લાનર શ્રી આર. પી. પટેલ, શહેરી સામુદાયીક વીકાસ યોજનાના સુશ્રી શ્રીમતી રક્ષાબેન પરમાર અને સામાજીક કાર્યકર રાહુલ રાષ્ટ્રપાલ ઉપસ્થીત રહીને પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. શીબીરના ઉદ્‌ઘાટન સત્રમાં ‘સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ’ના નીયામક શ્રી ડૉ. બીસ્વરુપ દાસે પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ ‘બાંધકામ મજદુર સંગઠન’ના મહામંત્રી શ્રી વીપુલ પંડ્યાએ શીબીરના હેતુઓ સમજાવ્યા હતા અને સેન્ટરના ડૉ. કીરણ દેસાઈએ સેન્ટરના સંશોધન ઉપક્રમ કઈ રીતે વંચીત સમુહોની સમસ્યાઓને કેન્દ્રમાં રાખે છે તેની છણાવટ કરી હતી.

શીબીરના બીજા દીવસે મજુર કાયદા નીષ્ણાત અને એડવોકેટ શ્રી હેમંત દેસાઈ તથા ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય વીભાગના શ્રી ડી. સી. ચૌધરી ઉપસ્થીત રહ્યા હતા અને કાયદાઓની જોગવાઈઓથી કામદારોને માહીતગાર કર્યા હતા શીબીરની પુર્ણાહુતીના સમયે ‘બાંધકામ કામદારનો કાયદો ૧૯૯૬’ના અમલીકરણની જવાબદારીનું મુખ્યપણે વહન કરનાર ઔદ્યોગીક સલામતી એન્ડ આરોગ્ય વીભાગના નીયામક શ્રી એન. ડી. જોષીયારા ઉપસ્થિત રહ્યા હતા. એમણે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ‘‘આ કાયદા અંતર્ગત ૪૪ કરોડ રુપીયાનું ભંડોળ એકત્રીત થયું છે અને ૨૦૦૭ સુધીમાં ૧૦૦ કરોડનો લક્ષ્યાંક હાંસલ કરવાનું નક્કી કર્યું છે. આ વર્ષે ૧૦ હજાર લાભાર્થીઓની નોંધણી કરવાનું નક્કી કર્યું છે. બાંધકામ કામદારોની સામાજીક સુરક્ષા સંબંધીત યોજનાઓની દરખાસ્ત સરકાર સમક્ષ મુકી છે જે મંજુર થતા જાહેર કરવામાં આવશે.’’

સંગઠનના મહામંત્રી શ્રી વીપુલ પંડ્યાએ બાંધકામ કામદારોના કેન્દ્રીય કાયદાનો લાભ સુરતના બાંધકામ કામદારોને મળે તે માટે સુરત શહેરના તમામ કામદારોને સંગઠીત થવા માટે હાકલ કરી હતી. સંગઠનના સુરત શાખાના પ્રમુખ શ્રી વાલજીભાઈએ જણાવ્યું હતું કે, ‘‘આ બે દીવસની શીબીરના કારણે આજ સુધી અંધારામાં રહેલા બાંધકામ કામદારો જાગૃત થયાં છે તેથી હવે સુરતમાં મજબુત સંગઠન આકાર લેશે અને કામદારોમાં માનવીય અને કાનુની અધીકારો માટે લડત આપશે.’’ સંગઠનના સુરત શહેરના શાખા મંત્રી શ્રી રમેશ પરમારે જણાવ્યું હતું કે, ‘‘સંગઠનની શરુઆત થઈ ચુકી અને બધાના સહકારથી સુરતના સંગઠનને નંબર વન સંગઠન બનાવીશું અને શ્રમીકોના હક્ક હાંસલ કરીશુ.’’ ‘સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ’ના ડૉ. કીરણ દેસાઈએ આ બે દીવસની શીબીરનું સફળ સંચાલન કર્યું હતું અને તેઓએ સુરતના બાંધકામ કામદારોને સંગઠીત થવા માટે સરકાર આપવાની ખાતરી આપી હતી.

**- બાંધકામ મજદુર સંગઠન**


**સમાચાર સંકલન**

જુલાઈ ૨૦૦૭

**અંક ૧૨૦**

**સંપાદક :** મીત્તલ પટેલ
**મુદ્રક :** શીવમ્ સ્કેનો ઈફેક્ટ્સ
ફોન : ૯૮૨૪૬ ૮૩૭૦૬

**જનપથ કાર્યાલય :**
**બી-૩/૧-૨ સહજાનંદ ટાવર્સ,**
**જીવરાજપાર્ક, અમદાવાદ - ૫૧**
ફોન નંબર : ૨૬૮૨૧૫૫૩
ટેલી ફેક્સ : (૦૭૯) ૨૬૮૨ ૦૭૧૯
E - mail : janpath1ad1@icenet.net
www.janpathnetwork.org

ફક્ત મર્યાદીત વીતરણ અને શૈક્ષણીક હેતુ માટે જ
ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**બુક-પોસ્ટ**
**પ્રીન્ટેડ મેટર**